RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 331* Date: 21.09.2023,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## સુપ્રીમ કોર્ટ : લોકસભા અને વિધાનસભામાં એસસી એસટી અનામત વધારવાની બંધારણીયતાની કસોટી કરશે

નવીદિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટ ૨૦૧૯ના ૧૦૪મા બંધારણીય સુધારાની તપાસ કરશે. આ માટે ૫ જજોની બંધારણીય બેંચની પણ રચના કરવામાં આવી રહી છે, જે ૨૧ નવેમ્બરથી આ મામલે સુનાવણી કરશે. તમને જણાવી દઈએ કે થોડા મહિના પહેલા જ સુપ્રીમ કોર્ટે ૨૦૧૯ના ૧૦૪મા બંધારણીય સુધારા દ્વારા લોકસભા અને વિધાનસભાઓમાં જાતિના સભ્યો માટે અનામતની અવધિ વધારવા પર કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.

સુપ્રીમ કોર્ટ ૨૦૧૯માં બંધારણના ૧૦૪મા સુધારાની તપાસ કરશે. ૧૦૪મા સુધારામાં, લોકસભા અને વિધાનસભાઓમાં જીઝ/જી્ અનામત ૮૦ વર્ષ માટે લંબાવવામાં આવી છે. જ્યારે એંગ્લો ઈન્ડિયન આરક્ષણ નાબૂદ કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટ એ પણ જોશે કે શું કલમ ૩૩૪ હેઠળ અનામતની નિર્ધારિત અવધિ લંબાવવાનો સુધારો બંધારણીય રીતે માન્ય છે કે નહીં? સીજેઆઈ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ એએસ બોપન્ના, જસ્ટિસ એમએમ સુંદરેશ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બંધારણીય બેંચે કહ્યું કે તે આ બે મુદ્દાઓ પર ૨૧ નવેમ્બરથી સુનાવણી કરશે.

આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું કલમ ૩૩૪ હેઠળ અનામતની નિર્ધારિત અવધિ લંબાવવા માટે સુધારાની બંધારણીય શક્તિઓનો ઉપયોગ કાયદેસર છે? તમને જણાવી દઈએ કે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સંસદે બંધારણ (૧૦૪મો સુધારો) અધિનિયમ, ૨૦૧૯ પસાર કર્યો હતો અને ફરી એકવાર અનુસૂચિત જાતિ અને



અનુસૂચિત જનજાતિ માટે અનામતને ૮૦ વર્ષ સુધી લંબાવી હતી. જો કે, ૧૦૪મા સુધારાએ લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં એંગ્લો-ઈન્ડિયન્સ માટે આરક્ષણ બંધ કરી દીધું. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ, સુપ્રીમ કોર્ટે આ કેસને ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ થી શરૂ થતા ૫ જજની બંધારણીય બેંચના અન્ય ૨૪ પેન્ડિંગ કેસોની સાથે સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો હતો.

હકીકતમાં, ૧૦ જુલાઈ, ૨૦૦૦ ના રોજ, અશોક કુમાર જૈને બંધારણ (૭૯મો સુધારો) અધિનિયમ, ૧૯૯૯ (૭૯મો સુધારો) ની માન્યતાને પડકારતી અરજી દાખલ કરી હતી. આ અંતર્ગત ભારતના બંધારણ, ૧૯૫૦ની કલમ ૩૩૪માં સુધારો કરવામાં આવ્યો હતો. કલમ ૩૩૪ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એંગ્લો-ઈન્ડિયન સમુદાય માટે લોકસભા અને રાજ્ય વિધાનસભામાં અનામત પ્રદાન કરે છે. આ જોગવાઈ શરૂઆતમાં ૧૦ વર્ષ માટે લાગુ થવાની હતી.

## ગાંધીનગરની સરકારી વિનયન કોલેજમાં વિદ્યાર્થીઓને જાણ કર્યા વિના એકસાથે તમામ અધ્યાપકોએ રજા પાડી, વિદ્યાર્થીઓમાં રોષ



ગાંધીનગર સેક્ટર - ૧૫ ની સરકારી વિનયન કોલેજમાં વિદ્યાર્થીઓને જાણ કર્યા વિના એકસાથે તમામ અધ્યાપકોએ રજા પાડવામાં આવતાં વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્યથી અળગા રહેવાની નોબત આવી હતી. બીજી તરફ કોલેજના પ્રિન્સિપાલે યુથ ફેસ્ટિવલની રજા હોવાનો પરિપત્ર હોવાનું કારણ આગળ ધર્યું હતું. તો બીજી તરફ વિદ્યાર્થીઓને આગોતરી જાણ કર્યા વિના જ તમામ અધ્યાપકો ગેરહાજર રહેતાં વિદ્યાર્થીઓનાં રોષ વ્યાપી ગયો છે. રાબેતા મુજબ વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ અર્થે ગયા હતા. કોલેજનાં લેક્ચર સમયસર એટેન્ડ કરવા માટે દૂરથી આવતા વિદ્યાર્થીઓ વહેલી સવારે જ ઘરેથી નીકળી જતાં હોય છે. જોકે, આજે કોલેજમાં પહોંચતા એકેય અધ્યાપક જોવા નહી મળતા વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. ઘણા વિદ્યાર્થીઓ નિત્યક્રમ મુજબ કલાસમાં જઈને પણ ગોઠવાઈ ગયા હતા. પરંતુ કાગડોળે રાહ જોયા પછી પણ એકેય અધ્યાપક ડોકાયાં ન હતા. ધીમેધીમે એક પછી એક તમામ કલાસમાં આજ સ્થિતિ હોવાનું જાણીને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

બાદમાં વિદ્યાર્થીઓ કોલેજના પ્રિન્સિપાલ પાસે જઈને શિક્ષણ કાર્ય બંધ હોવાનું કારણ પૂછ્યું હતું. ત્યારે પ્રિન્સિપાલનો જવાબ સાંભળીને વિદ્યાર્થીઓ પણ ચોંકી ઉઠયા હતા. આ અંગે એક કોલેજ કેમ્પસમાં એકઠા થયેલા વિદ્યાર્થીઓએ રોષ વ્યક્ત કર્યો હતો કે, નિત્યક્રમ મુજબ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે કોલેજમાં સમયસર આવી ગયા હતા. પરંતુ એકેય અધ્યાપક કોલેજમાં આવ્યા ન હતા. સ્વયંભૂ અધ્યાપકોએ રજા પાડી દીધી હતી. માત્ર કોલેજોમાં પ્રિન્સિપાલ જ હાજર હતા. જેઓને અમારી રજૂઆત કરી તો તેમણે શરૂઆતમાં પોતાને પણ અધ્યાપકો ગેરહાજર રહેવાની ખબર નહી હોવાનો ખુલાસો કર્યો હતો. આ સાંભળી વિદ્યાર્થીઓ પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. બીજી તરફ કોલેજે અગાઉથી નોટિસ જાહેર કરી નહીં હોવા છતાં બારોબાર અધ્યાપકોએ રજા પાડી દેતા વિદ્યાર્થીઓમાં પણ રોષ વ્યાપી ગયો છે.આ અંગે કોલેજના પ્રિન્સિપાલે મિડિયા સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો હતો કે, યુનિવર્સિટી દ્વારા યુથ ફેસ્ટિવલની રજા જાહેર કરાઈ હતી. પરંતુ પરિપત્ર રૂપે અમને પ્રાપ્ત નહીં થતાં કોલેજમાં રજા જાહેર કરી ન હતી. પરંતુ પરિપત્રનાં સમાચાર અધ્યાપકો સુધી પહોંચ્યા હોય એટલે કદાચ તેઓ રજા પર હસે.

## વિશ્વકર્મા જયંતીની કલ્પતરૂ કંપની ખાતે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર ખાતે આવેલી કલ્પતરૂ પ્રોજેક્ટ ઈન્ટરનેશનલ કંપની વિશ્વ ખ્યાતનામ છે. અહી ગાંધીનગર શહેરના આજુબાજુના વિસ્તારોમાંથી લગભગ ૨૦૦૦ કામદાર અને કારીગરો કામ કરે છે. દર વર્ષે કલ્પતરૂ કંપની ખાતે ૧૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વકપ જયંતી નિમિત્તે ખાસ પૂજાનું આયોજન કરવામાં આવે છે.

વિશ્વકર્મા પૂજા નિમિત્તે નાના-મોટા સ્થાપનો, કારખાનાઓ અને ખાસ કરીને બાંધકામ સંબંધિત સાધનો, મશીનો અને દુકાનોની પૂજા કરવામાં આવે છે. વિશ્વકર્માજિને વાદ્યોના દેવતા પણ માનવામાં આવે છે. હિંદુ માન્યતાઓ અનુસાર, પ્રાચીન સમયમાં, ભગવાન વિશ્વકર્મા દ્વારા દેવી-દેવતાઓના મહેલો અને શસ્ત્રોનું નિર્માણ કરવામાં આવ્યું હતું, તેથી તેમને બાંધકામના સ્થપતિ અને દેવતા કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, ભગવાન



વિશ્વકર્માએ ઈન્દ્રલોક, ત્રેતામાં લંકા, દ્વાપરમાં દ્વારકા અને હસ્તિનાપુર, કળિયુગમાં જગન્નાથપુરી વગેરેની રચના કરી હતી. આ ઉપરાંત ભગવાન શિવનું ત્રિશુલ, પુષ્પક વિમાન, ઈન્દ્રનું વ્રજ અને ભગવાન વિષ્ણુ માટે સુદર્શન ચક્ર પણ ભગવાન વિશ્વકર્માએ બનાવ્યું હતું. એટલે વિશ્વકર્મા ભગવાનનું વિશેષ મહત્ત્વ છે.

વિશ્વકર્મા જયંતીની ઉજવણી નિમિત્તે કલ્પતરૂ કંપની ખાતે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કંપનીના સ્નેહલ કોટડિયાને પૂજામાં યજમાન તરીકે બેસાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓ એમ. એ. બારૈયા, પ્રવીણ કુમાર, કુમારાદેવન શ્રીનિવાસન, ધર્મેશ મહંત, પંકજ જયસ્વાલ, મહેન્દ્રભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા. વિશ્વકર્મા પૂજાની ધામધૂમથી ઉજવણી કરવામાં કેતન ભાવસાર, સાત્વિક ત્રિવેદી કિરણ પટેલ, વિશાલ ભાવસાર, સમીર ભાવસાર, રાજેશ દેસાઈ, આશિષ ડુંગરાણી, હિરેન પટેલ, સંજય થોરાત, શિતાંગ જોશી, કિંજલ દરજી, મનિષ પટેલ વગેરે અધિકારીઓએ યોગદાન આપ્યુંહતું. વિશ્વકર્મા જયંતીની ઉજવણી નિમિત્તે સૌને ભોજન કરાવવામાં આવ્યું હતું અને પરિવાર માટે મીઠાઈ આપવામાં આવી હતી. શહેરમાં ધોધમાર વરસાદ હોવા છતાં એક હજાર જેટલા સભ્યો વિશ્વકર્મા ઉજવણીમાં હાજર રહ્યા હતા. મહેન્દ્રભાઈ પટેલે સૌ સ્ટાફ અને કારીગરોનો આભાર વ્યક્ત કર્યો હતો

## જિલ્લા પંચાયતની બે કરોડની ગ્રાન્ટમાંથી વિકાસના કામો કરાશે

ગાંધીનગર જિલ્લા પંચાયત અને ફાળવવામાં આવેલી સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી બે કરોડના વિકાસના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ઉપરાંત સ્ટેમ્પ ડ્યુટીની બાકીની ગ્રાન્ટ પાંચેક કરોડ જિલ્લા પંચાયતના વહીવટી કામ માટે અનામત રાખવાનું કારોબારી સમિતિની બેઠકમાં ઠરાવ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સ્ટેમ્પ ડ્યુટી ની ગ્રાન્ટ પેટે સાતેક કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ ગ્રાન્ટમાંથી જિલ્લાના ગામોમાં સ્થાનિક લોકોની જરૂરિયાત મુજબના માળખાકીય કામો કરવામાં આવે છે. ઉપરાંત લોકો ને ઉપયોગી હોય તેવા વિવિધ પ્રકારના વિકાસના કામો ગ્રાન્ટમાંથી કરવામાં આવતા હોય છે પીવાના પાણીની, હાઈ માસ્ક ટાવરની, સોલાર સિસ્ટમની, સોલાર લાઈટ, સીસીટીવી કેમેરા, શાળામાં મધ્યાન ભોજન શેડ, પેવર બ્લોક, આરસીસી રોડ, સ્ટ્રીટ લાઈટ સહિતના અનેક વિકાસના કામો કરવા માટે જિલ્લા પંચાયતના સદસ્યોને સુચના આપવામાં આવી હતી, જોકે સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી બે કરોડના વિકાસના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જ્યારે બાકી રહેલી પાંચ કરોડની ગ્રાન્ટની ગાંધીનગર જિલ્લા પંચાયતના વહીવટી કામ માટે અનામત રાખવાનો કારોબારી સમિતિની બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો હોવાનું કારોબારી સમિતિના ચેરમેન અનિલ પટેલે જણાવ્યું છે.

## દસ્તાવેજ સમયે આધારકાર્ડ ફક્ત ઓળખના પુરાવા સ્વરુપે રજૂ કરવાનું રહેશે, કચેરીના રેકોર્ડ પર રહેશે પણ દસ્તાવેજનો ભાગ નહીં બને

આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ-છઈઁજીના દૂરુપયોગથી જાહેર જનતાના નાણાના રક્ષણ હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી માટે રજૂ થતાં દસ્તાવેજમાં પક્ષકારોના (દસ્તાવેજ લખી આપનાર, લેનાર તથા ઓળખાણ આપનાર) આધાર નંબરનો ઉલ્લેખ ન કરવા જરૂરી સૂચના પ્રસિદ્ધ કરવામાં આવી હતી તેમ નોંધણી સર નિરીક્ષક અને સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.નોંધણી સર નિરીક્ષકે આ સંદર્ભે જાહેર જનતાને જણાવ્યું છે કે, દસ્તાવેજ નોંધણી વખતે સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી અર્થે રજૂ કરવામાં આવે તે દસ્તાવેજમાં



કોઈપણ પક્ષકારના આધાર નંબરનો ઉલ્લેખ કરવો નહી અને જો ઉલ્લેખ કરવો જરૂરી જણાય તો આધાર નંબરના માત્ર છેલ્લા ૪ અંકનો જ ઉલ્લેખ કરવો તથા પ્રથમ આઠ અંકોને બદલે ★★ ★★ ની નિશાની દર્શાવવાની રહેશે.તેમણે કહ્યું હતું કે, દસ્તાવેજના પક્ષકારો દસ્તાવેજ કરી આપનાર, દસ્તાવેજ કરી લેનાર અને ઓળખ આપનારના ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં પહેલાંની જેમ જ રજૂ કરવાની રહેશે. જ્યારે ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડની નકલ સબ રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરવામાં આવે ત્યારે તેને દસ્તાવેજની સાથે જોડીને તેનો ભાગ બનાવવાને બદલે કચેરીના રેકોર્ડ ઉપર જ તેની જાળવણી કરવાની રહેશે. આમ, આધારકાર્ડને ઓળખના પુરાવા તરીકે રજૂ કરવાની મનાઈ કરવામાં આવી નથી પરંતુ, જાહેર રેકોર્ડનો ભાગ ન બને તે હેતુથી સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી થયેલ દસ્તાવેજનો ભાગ ન બનાવવાની સૂચના સંબંધિતોને આપવામાં આવી છે તેમ તેમણે વધુ વિગતો આપતાં ઉમેર્યું હતું.

## મોરબીથી કડી જતા દરબાર પરિવારની કારને ટ્રકે કચડી, ચારનાં ઘટનાસ્થળે જ મોત

સુરેન્દ્રનગર,તા.૨૦

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા-જૈનાબાદ વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે. દસાડા-જૈનાબાદ હાઈવે પર જતી સ્વિફ્ટ કારને માતેલા સાંઢની માફક આવતી ટ્રકે ધડાકાભેર ટક્કર મારી હતી. જેમાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે.મળતી માહિતી મુજબ મોરબી પાસેના વિરપરાડા ગામના દરબારો સ્વિફ્ટ ગાડી લઈને દેત્રોજ લોકાચારે જઈ રહ્યા હતા, ત્યારે પાટડી તાલુકાના જૈનાબાદ અને દસાડા વચ્ચે વણાંક પાસે માતેલા સાંઢની માફક આવતી રાજસ્થાન પાસિંગની ટ્રકે સ્વિફ્ટ કારને ધડાકાભેર ટક્કર મારી હતી.

તંત્રી લેખ......

# વિશ્વકર્મા યોજના

વડાપ્રધાને લોન્ચ કરેલી વિશ્વકર્મા યોજનાનું લોન્ચિંગ કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત અભિયાન, વોકલ ફોર લોકલ મિશન અને સ્કિલ ઈન્ડિયા કાર્યક્રમ માટે સંજીવની સાબિત થશે. વડાપ્રધાન મોદીએ પોતાના જન્મદિવસે ૧૮ ક્ષેત્રના પારંપરિક હુનરમંદ લોકો માટે લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયાના બજેટ જોગવાઈ સાથે રાષ્ટ્રીય સ્તર પર ‘વિશ્વકર્મા યોજના’ લોન્ચ કરી છે. આ યોજનાનું એલાન ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ સ્વતંત્રતા દિવસ પર કિલ્લાથી તેને લોન્ચ કરવાનો વાયદો કર્યો હતો. ઓગસ્ટમાં આ યોજનાને કેબિનેટ બેઠકમાં મંજૂરી પણ મળી ગઈ હતી. મુદ્રા, સ્વનિધિ અને વિશ્વકર્મા, ત્રણેય યોજનાઓ ભારતની માઈક્રો ઈકોનોમીની મજબૂતી માટે કરોડરજ્જુ સાબિત થઈ શકે છે. ત્રણેય લોન સ્કીમ છે. મુદ્રા યોજના અંતર્ગત ધંધા માટે પચાસ હજારથી દસ લાખ સુધીની લોન આપવામાં આવે છે, સ્વનિધિ યોજના અંતર્ગત શહેરી સ્ટ્રીટ વેન્ડરોને ગેરંટી વિના દસથી પચાસ હજાર સુધી લોન આપવામાં આવે છે અને હવે વિશ્વકર્મા યોજના અંતર્ગત સ્કિલ્ડ કારીગરોને ગેરંટી વિના લોન આપવામાં આવશે.
વિશ્વકર્મા યોજના અંતર્ગત સુથાર, હોડી બનાવનાર, લુહાર, તાળું બનાવનારા, ટૂલકિટ બનાવનાર, સોની, કુંભાર, મૂર્તિકાર, જૂતાં બનાવનાર, દરજી, મિસ્ત્રી, ટોકરી-ચટાઈ બનાવનાર, પારંપરિક રમકડાં બનાવનાર, વાળંદ, ધોબી, વગેરે કારીગરોને ત્રણ લાખ સુધીની લોન મળશે. આ યોજનામાં નવા પ્રકારના આધુનિક હુનર જેમાં ગેઝેટ રિપેરિંગ, ઈલેક્ટ્રીકલ રિપેરિંગ, ઈન્વર્ટર-એસી-પંખા મિકેનિક, ડેન્ટલ ઈનસ્ટહમેન્ટ, હોસ્પિટલ ઈક્વીપમેન્ટ્સ, ટુવ્હીલર-કાર મિકેનિક વગેરેને સામેલ કરવા જોઈએ. આમ તો આનો કોઈ સત્તાવાર ડેટા નથી, પરંતુ અંદાજ અનુસાર દેશમાં પરંપરાગત સ્કિલ્ડ લોકોની સંખ્યા લગભગ ૫ કરોડથી વધારે હશે. ભારતમાં પરંપરાગત કારીગરીનો મજબૂત વારસો રહ્યો છે. મુદ્રા, સ્વનિધિ અને વિશ્વકર્મા યોજનાઓથી એ વારસો ફરીથી મજબૂત થશે. દુનિયા સ્કિલ્ડ બેઝ સમાજ તરફ આગળ વધી રહી છે.

# ૨૧ સપ્ટેમ્બર, “આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ”



“આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ” સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ૧૯૮૧માં જાહેર કરવામાં આવ્યો. સપ્ટેમ્બર ૧૯૮૨ની ૨૧ સપ્ટેમ્બરનાં રોજ પ્રથમવાર તેની ઉજવણી કરવામાં આવી. “વિશ્વ શાંતિ દિવસ” ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સદભાવનો સંદેશો ફેલાવવાનો છે. ઝાડની ડાળી પર બેઠેલું સફેદ કબૂતર એ શાંતિનું પ્રતિક છે. વિવિધ ધર્મોમાં કબૂતરને શાંતિનું દૂત માનવામાં આવે છે. વિશ્વ શાંતિ દિવસે ઠેર ઠેર કબૂતર ઉડાડી શાંતિનો સંદેશો ફેલાવાય છે.


૨૧ સપ્ટેમ્બરને વૈશ્વિક યુદ્ધ વિરામ દિવસ તરીકે પણ ઉજવાય છે. આ દિવસે વિશ્વમાં જ્યાં પણ યુદ્ધ ચાલતું હોય ત્યાં નિઃશસ્ત્રીકરણની અપેક્ષા રાખવામાં આવે છે. આ દિવસે યુદ્ધવિરામ રાખવાનો આશય યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં નિર્દોષોને મદદ પહોંચાડવાનો પણ છે. દુનિયાનાં મોટા ભાગના દેશો દર વર્ષે શસ્ત્રો પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે આરોગ્ય અને શિક્ષણ પાછળ ખૂબ જ ઓછી રકમ ખર્ચ થાય છે. આમ, આ દિવસની ઉજવણી પાછળનો એક આશય એ પણ છે કે જો દુનિયાનાં દરેક દેશ શાંતિ માટે પ્રયત્નો કરે તો આરોગ્ય અને શિક્ષણ જેવી મહત્વની ચીજો પાછળ વધુ નાણાં ફાળવી શકાય. જેને કારણે એક મજબૂત અર્થતંત્રની રચના કરી શકાય અને લોકોના જીવનધોરણમાં પણ સુધારો કરી શકાય, કારણ કે જો દેશનો નાગરિક સ્વસ્થ અને ભણેલો હશે તો જ દેશ સ્વસ્થ અને મજબૂત બની શકશે અને વિકાસ કરી શકશે. સંયુક્ત રાષ્ટ્રનાં ન્યુ યોર્ક સ્થિત મુખ્ય મથકમાં એક શાંતિ બેલ રાખવામાં આવ્યો છે. વિશ્વ શાંતિ દિવસની ઉજવણીની શરૂઆત આ બેલને વગાડીને કરવામાં આવે છે. આ બેલ દુનિયાભરમાંથી બાળકો દ્વારા એકઠા કરવામાં આવેલા સિક્કાઓને પીગાળીને બનાવવામાં આવ્યો છે. આ બેલ જાપાનનાં સંયુક્ત રાષ્ટ્ર એસોસિયેશન દ્વારા ભેટ આપવામાં આવ્યો હતો. જે યુદ્ધના ભયંકર પરિણામોનો અહેસાસ કરાવતો રહે છે. આ બેલ પર ‘વિશ્વ શાંતિ અમર રહો’ સૂત્ર કંડારવામાં આવ્યું છે.

કોઈ પણ જીવ ખાઈ છે, પીએ છે, કમાય છે, જીવે છે, નવું ઘર લે છે, ગાડી લે છે, પરંતુ આ બધાનો હેતુ અંતે તો શાંતિ મેળવવાનો જ હોય છે. માણસ પાસે ગમે તેટલું હોય પણ જ્યાં સુધી એના મનમાં શાંતિનો વાસ ન હોય ત્યાં સુધી એને ચેન પડતો નથી. ઈશ્વરની ભક્તિ પણ ત્યારે જ થઈ શકે છે જયારે માણસનું મન અને મગજ વિચારો, દુરાગ્રહો કે હઠાગ્રહો રહિત થઈ જાય તો જ એ ભક્તિમાં એકાકાર થઈ શકાય છે. ક્યારેક મનુષ્ય વધુ કમાવાની કે વધુ સુખ મેળવવાની લાલસામાં, ક્યારેક મિત્રો પાસેથી વધારે પડતી અપેક્ષા સેવીને, ક્યારેક સ્વજનો પર જબરદસ્તી પોતાને મન ચાલતી વાણી, વર્તન કે વ્યવહાર માથે નાખીને જાતે જ ઉભા કરેલી અશાંતિનાં વર્તુળમાં ફસાઈ જતો હોય છે. આ શાંતિ દિવસ પર સૌ અશાંતિનાં વમળોમાંથી મુક્ત થઈને શાંતિ અને કરુણાનો અહેસાસ કરીએ અને કરાવતા શીખીએ.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સેવા જ સૌથી મોટો પુરસ્કાર : સંત રાજીન્દર સિંહજી મહારાજ

આ દુનિયામાં જીવતા મનુષ્ય અનેક પ્રકારના કાર્યો કરે છે. જો જોવામાં આવે તો તેના વધારે પડતા કાર્યો પોતે પોતાના માટે જ કરે છે. પરંતુ મનુષ્ય દ્વારા કરવામાં આવતા સૌથી મહાન કાર્યોમાંથી એક છે બીજાઓની સેવા કરવી. બધા જ સંત મહાપુરુષો કહે છે કે,"આપો આપો અને આપો" પરંતુ આપણે આપણા જીવનમાં જોઈએ છીએ કે મોટાભાગના લોકો આપવાથી ડરે છે કેમ કે તેઓ ચિંતા કરે છે કે બીજાઓને કશું આપીશું તો આપણી પાસેના માંથી ઓછું થઈ જશે. પરંતુ જ્યારે આપણે નિષ્કામ સેવા ભાવથી આપીએ છીએ ત્યારે વગર માંગે જ બહુ જ વધારે આપણને મળે છે અને ક્યારે પણ નુકસાનમાં રહેતા નથી.



જ્યારે આપણે આવું કરીએ છીએ ત્યારે આપણે જાણીએ છીએ કે કાં તો આપણને તે પરત મળી જાય છે કે પછી હાલાત બદલાઈ જાય છે અને આપણે એને આપવાની જરૂર પડતી નથી. જ્યારે આપણે બીજાઓ માટે કંઈક ત્યાગ કરીએ છીએ, આપણે પ્રભુના આભાર મંદ પણ હોઈએ છીએ કે આપણે સ્વાર્થી બનવાની જગ્યાએ બીજાઓની મદદ કરવાનો નિર્ણય લીધો.

જો આપણે સ્વાર્થી બનીએ છીએ તો હંમેશા પોતાની જાતને અફસોસ અને પશ્ચાતાપથી ભરેલ અનુભવીએ છીએ અને હંમેશા દુઃખ રહે છે કે આપણે એવું ના કર્યું. જોકે આપવાથી આપણે ક્યારેય અફસોસ કે દુઃખ મહેસુસ કરતા નથી. જ્યારે આપણે કોઈની મદદ કરીએ છીએ ત્યારે ન ફક્ત આ સંસારમાં પુરસ્કૃત થઈએ છીએ પરંતુ બીજી દુનિયામાં પણ આનું ફળ પ્રાપ્ત થાય છે. બીજાઓને આપવાથી મળતા આનંદથી વધારે આનંદ કોઈ નથી. તે આપણા દિલને પ્રેમ અને આણંદ થી ભરી દેશે. જે લોકો નિસ્વાર્થ ભાવથી આપે છે તેઓ એ અનુભવ કરે છે કે આપવાથી કંઈ પણ ઓછું થતું નથી પરંતુ તેનાથી વધારે અને વધારે પિતા પરમેશ્વરના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. અને તેમનું હૃદય ઈશ્વરીય પ્રેમથી તરબતર થઈ જાય છે. વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજ અમદાવાદ ૧૦ અને ૧૧ ઓક્ટોબર આવાંના છે. આધ્યાત્મિક સત્સંગ સાંજે ૬ કલાકે થશે. સ્થળ : રિવરફ્રન્ટ સેન્ટર, પાલડી, અમદાવાદ.

# દાનની મહિમા

સત્પાત્રને દાન આપવાથી મનુષ્યને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.જે ધન મળ્યું છે તેને વાપરો અને બીજાને આપો,તેનો ફક્ત સંચય ના કરો,નહી તો સંગ્રહેલું ધન બીજા ઉપાડી જશે.જે ખાય છે અને ખવડાવે છે તે જ ખરો ખાનદાન છે.શાસ્ત્રોમાં ધનની ત્રણ ગતિઓ બતાવી છેઃદાન-ભોગ અને નાશ..દાન આપવામાં આપનારને સમાધાન અને લેનારને સંતોષ મળે છે.ભોગવવામાં ભોગવનારને જ સુખ મળે છે,જે આપતો નથી અને ભોગવતો પણ નથી તેના ધનનો નાશ થાય છે.જે વ્યક્તિ આર્થિક રીતે સંપન્ન હોવા છતાં ધર્મકાર્યમાં,દાન આપતાં અચકાય છે તે મૃતક સમાન છે.

એક પ્રાચિન ભજનની પંક્તિ છે કેઃ
ધન મળ્યુ પણ મોજ ન માણી કહું કરમની કહાણી રે,
કાં તો ભાગ્ય બીજાનું ભળ્યું,
કાં તો ખોટી કમાણી મારા સંતો...
જૂના ધરમ લ્યો જાણી રે..

પ્રાણીઓની ઉપર જન્મ-જન્માંરત્તરના કર્મોની વાસના ભરેલી પડી છે,તેથી હંમેશાં સત્કર્મો કરવાની ચેષ્ટા કરવી જોઈએ.તમામ પ્રાણીઓમાં પ્રભુ પરમાત્માનો વાસ છે,આવો નિશ્ર્ચય કરીને તમામની સેવા કરવાથી શરીર પવિત્ર બની જાય છે,દાન આપવાથી ધન પવિત્ર બની જાય છે અને પ્રભુ પરમાત્માનું ભજન કરવાથી અંતઃકરણ નિર્મળ બની જાય છે.ઘરમાં આવેલું સઘળું ધન શુદ્ધ નથી હોતું.દાનથી ધનની શુદ્ધિ થાય છે.

“તન પવિત્ર સેવા કિયે,ધન પવિત્ર કર દાન,

મન પવિત્ર હરિભજન કરે,હોત ત્રિવિધ કલ્યાણ.”

જે કંઇ દાન આપવાના શુભ સંકલ્પની સ્ફુરણા થાય તેનો તુરંત જ અમલ કરી દેવો.સામાન્ય રીતે મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કે તે કોઇને પણ કોઇપણ ચીજ આપવા ઈચ્છતો જ નથી પરંતુ ક્યારેક કોઇને કંઇપણ આપવાની ભાવના જાગે તો આ કામ તુરંત જ કરી દેવું.જીવનમાં આપણે જે કંઇ ખાધું પીધું ભોગવ્યું તેની કોઇ કિંમત નથી.આપણે બીજાને કેટલું આપ્યું..? તેનું જ મૂલ્ય છે.આપણા ઘેર ભિખારી ભીખ માગવા આવતો નથી પણ આપણને ઉપદેશ આપવા આવે છે કે ગયા જન્મમાં મેં કોઈને દાન આપ્યું નહિ તેથી મારી આ દશા થઈ છે,તમે પણ દાન નહિ આપો તો મારા જેવી દશા થશે.
માણસે પોતાના સમયનો સદઉપયોગ દાન આપવામાં,પુણ્ય કાર્યમાં અને શાસ્ત્રનો અભ્યાસ કરવામાં કરવો જોઈએ.દાન આપનારમાં અભિમાન આવવું ન જોઈએ.મનુષ્ય કોઈ દાન કરે તે નામના માટે, કીર્તિ માટે કરે છે અને તેથી કરેલા પુણ્યનો ક્ષય થાય છે એટલે દાન આપો પરંતુ તે ગુપ્ત રાખો.કામના રહિત દાન એ જ યથાર્થ દાન છે.જ્ઞાનદાન-વિદ્યાદાન અને દ્રવ્યદાન કરતાં પણ માનદાન ચઢિયાતું છે.સર્વને માન આપવું,જેમાં એક પૈસાનો પણ ખર્ચો નહિ.જે કોઈ કર્કશ વાણી બોલતો નથી,કોઈનું અપમાન કરતો નથી અને સર્વને માન આપે છે તેના જીવનમાં મિસરી જેવી મીઠાશ આવે છે.
ઘણા સમય પહેલાં એક રાજા પોતાની ન્યાયપ્રિયતાના લીધે પ્રજામાં ઘણા જ લોકપ્રિય હતા. એકવાર તેઓ દરબારમાં બેઠા હતા તે સમયે તેમને અચાનક એક પ્રશ્ન થાય છે કે મનુષ્યના મૃત્યુ પછી તેની શું ગતિ થાય છે? આ અજ્ઞાત પ્રશ્નનો જવાબ મેળવવા દરબારમાં હાજર મંત્રીઓ સાથે તે ચર્ચા કરે છે.તમામ દરબારીઓ રાજાની આ જીજ્ઞાસાથી ચિંતિત થાય છે.લાંબો સમય વિચાર-વિમર્શ પછી રાજાએ નિર્ણય જાહેર કર્યો કે મારા રાજ્યમાં એવી જાહેરાત કરાવો કે..
જે વ્યક્તિ કબરમાં મૃતક સમાન બનીને એક રાત્રી કબરમાં સૂઇ રહીને મૃત્યુ પછી થતી ક્રિયાઓ વિશે જાણીને તેનો વિગતવાર અહેવાલ મને સાદર કરશે તેને પાંચસો સોનામહોરો ભેંટ આપવામાં આવશે. રાજાના આદેશાનુસાર રાજ્યમાં આવી જાહેરાત કરી દેવામાં આવે છે.હવે સમસ્યા એ આવી કે કોન જીવીત વ્યક્તિ મરવા માટે તૈયાર થાય? છેલ્લે નગરનો એક કંજૂસ માણસ આ કામ માટે તૈયાર થયો કે તે એટલો કંજૂસ હતો કે સુખના સાધનો ભેગા કરવા તે પોતે ખાતો-પીતો કે ઉંઘતો જ ન હતો..
આ કંજૂસને રાજાની સામે હાજર કરવામાં આવે છે.રાજાના આદેશ અનુસાર સુંદર ફુલોથી સુસજ્જિત એક અર્થી બનાવવામાં આવે છે તેની ઉપર તેને સુવડાવીને તેને એક સફેદ કફન ઓઢાડીને સ્મશાનમાં લઇ જવામાં આવે છે તે જ સમયે રસ્તામાં તેને એક સંતનો ભેટો થાય છે.સંત કહે છે કે હવે તો તમે મરવા માટે જઇ રહ્યા છો અને ઘર-પરીવારમાં તમે એકલા જ છો.તમારે પાસે ઘણું બધું ધન છે એમાંથી થોડું ધન તમે મને આપો.
કંજૂસે વારંવાર કંઇપણ આપવાની ના પાડી છતાં પેલા સંત તેનો પીછો છોડતા નથી અને વારંવાર તેમને કંઇક આપવા માટે વિનંતી કરે છે.સંતથી પરેશાન થઈને સ્મશાનમાં પડેલા બદામના છોતરાના ઢગલામાંથી એક મુઠ્ઠી છોતરા લઈને સંતને આપે છે.ત્યારબાદ આ કંજૂસને કબરમાં સુવડાવી ઉપરથી કબરને બંધ કરી દેવામાં આવે છે અને કબરની ઉપર એક નાનકડું કાણું રાખવામાં આવે છે જેના દ્વારા તે શ્વાસ લઇ શકે અને બીજા દિવસે તેને કબરમાંથી કાઢીને રાજા સમક્ષ હાજર કરવામાં આવે ત્યારે તે મૃત્યુ પછી શું થાય છે તેનો અહેવાલ રજૂ કરી શકે.
આ કંજૂસને કબરમાં સુવડાવીને તમામ લોકો જતા રહે છે.રાત્રે ત્યાં એક સાપ આવે છે અને કબર ઉપર કાણું જોઇને અંદર જવાનો પ્રયત્ન કરે છે તે જોતાં જ કબરમાં સૂતેલો કંજૂસ ઘણો જ ગભરાઇ જાય છે.સાપ કબરમાં ઘુસવાનો વારંવાર પ્રયાસ કરે છે ત્યાં જ બદામનાં છાંતરા આડા આવે છે અને સાપ અંદર જઇ શકતો નથી.
સવાર થતાં જ રાજાના નોકરો મોટી જીજ્ઞાસા લઇને સ્મશાનમાં આવી કબર ખોદી કંજૂસને બહાર કાઢી મૃત્યુ પછી શું થાય છે તેનો અહેવાસ રજૂ કરવા રાજ્ય દરબારમાં જવા વિનંતી કરે છે પરંતુ કંજૂસ નોકરોની વાતને માનતો નથી.પહેલાં તો તે પોતાના ઘેર જાય છે અને પોતાની તમામ સંપત્તિ ગરીબોમાં વહેંચી દે છે.નગરજનોને કંજૂસની અચાનક દાન કરવાની આવી દયાળુતા જોઇ નવાઇ લાગે છે.તેમના મનમાં અનેક પ્રશ્ન થાય છે.છેલ્લે કંજૂસને સમગ્ર અહેવાસ રજૂ કરવા રાજદરબારમાં હાજર કરવામાં આવે છે.કંજૂસે ગઇ રાત્રિએ સાપ અને બદામના છોતરાના સંઘર્ષની સમગ્ર વાત સંભળાવી અને કહ્યું કે..
મહારાજ ! મૃત્યુ પછી સૌથી વધુ આપણે કરેલ દાન જ કામમાં આવે છે એટલે દાન કરવું એ તમામ ધર્મોમાં શ્રેષ્ઠ છે.સંસારમાં આપણે બધા ધન-સંપત્તિ કમાઈએ છીએ,સમગ્ર જીવન દરમ્યાન તેનો ભોગ કરીએ છીએ પરંતુ અમે એ નથી જાણતા કે આપણા મૃત્યુ પછી પણ આ સંપત્તિ અમારી સાથે કેવી રીતે આવે તેની વિધિ અમે જાણતા નથી.આ સંપત્તિ અત્યારે જે રૂપમાં અમારી પાસે છે તે રૂપમાં મૃત્યુ પછી અમારી સાથે લઇ જઇ શકવાના નથી.
દાન આપવું એક શુભ કર્મ છે,પુણ્ય કર્મ છે એટલે ઉત્તમ વેદોક્ત કર્મોમાં દાન આપીએ, આસપાસના જરૂરતમંદોને દાન આપીએ, જે લોકો સમાજસેવા કરે છે,પરોપકારના કામો કરે છે,ગૌશાળા અનાથાલય ધર્માર્થ દવાખાના વૃદ્ધાશ્રમ વગેરે સંસ્થાઓ ચલાવે છે,વેદોનો પ્રચાર કરે છે તેમને દાન આપીએ.આ આપણું શુભકર્મ-પુણ્યકર્મ કહેવાશે.આ કર્મ આગલા જન્મમાં આપણી સાથે આવશે.
જે સંપત્તિનું દાન આપણે આ જન્મમાં કરીશું તેનું ફળ ઈશ્વર આપણને આગલા જનમમાં આપશે અને આ રીતે આપણે બધા આ જનમની ભૌતિક સંપત્તિને આગલા જનમ માટે સાથે લઇ જઇ શકીશું અને આ જ બુદ્ધિમત્તા છે.જે વસ્તુનું આપણે આ જન્મમાં દાન કરીએ તે આવતા જન્મમાં આપણને મળે છે.



આલેખનઃ કુમારી નિતૂં સૈની

# વિજિલન્સ ખાતાના પડતર કેસોનો ઝડપભેર નિકાલ કરવા ચિતાની નિમણૂક કરવા સૂચન !!!

“ જોયું? અમારી સરકારનો સપાટો?” રાજુ રદીનું મોં ખુશીથી છલકાઈ રહ્યું હતું.તેના ચહેરા પર આનંદવારીની શિકરો!!
“ રાજુ બેરોજગારી પર સર્જિકલ સ્ટ્રાઇક કરી?” મેં પૂછ્યું.
“ ના . ગિરધરભાઈ આવા ફાલતુ સવાલ કરવાના ? આવા ફાલતુ મુદા અમારી પ્રાયોરિટીમાં નથી.” રાજુએ વિશ્વ વિજેતા સિકંદરની ઈસ્ટાઈલથી કહ્યું
“ મોંઘવારી પર મરણતોલ પ્રહાર કર્યો?” મેં આતુરતાપૂર્વક સવાલ પૂછ્યો.
“ શું એક વાતની રઢ લઈને બેઠા છો?? તમે રિપિટ તોતા છો??”રાજુએ ગુસ્સે થઈને કહ્યું
“ ફૂગાવો તળિયે આવ્યો ?મારાથી રહેવાયું નહીં.
તમે સુધરશો નહીં. તમે અડિયલ ટટુ જ રહ્યા” રાજુએ મારા પર જડતાબોમ્બ ઝીક્યો
રાજુ, આ તો રાષ્ટ્રનાપાયાના સવાલ છેપપ”મેં ડરતાં ડરતાં રાજુને કહ્યું.
“જુઓ આપણા દેશે ઈંગ્લેન્ડના અર્થતંત્રને ધોબીપછાડ શિકસ્ત આપી જગતના પાંચમા અર્થતંત્ર તરીકે સ્થાન મેળવ્યું. આપણા ઉધોગપતિ વિશ્વના બીજા નંબરના ધનવાન બન્યા” રાજુએ સિધ્ધની વિગતો આપી.
“ હમમ્ “ મેં ટુંકાક્ષરી પ્રત્યુતર આપ્યો.
“ ગુલામીની માનસિકતાના પ્રતિકના નામ બદલીને કર્તવ્યપથ કર્યા!!”રાજુ ભરેલી ગાગર છલકાય તેમ છલકાઈને હાલકડોલક થતો હતો.
“ઠીક છે. એનાથી બધી સમસ્યા હલ થઈ જશે ???” મેં પૂછયું .રાજુએ મારું સાંભળ્યું ન સાંભળ્યું કર્યું.
“ તમે સિતેર વરસમાં ચિતાડું લાવી ન શકયા! અમે આઠ ચિતા રાષ્ટ્રને ચરણે ધર્યા” રાજુએ ગૌરવ અને ગર્વથી કહ્યું.
“ચિતાએ દેશ આખાને હિલોળે ચડાવ્યો છે. કોઈ કહે છે કે ચિતા પ્રોજેકટમાં સરકારે રસ ન લીધો. વડોદરાના મહારાજા પાસે બસો ચિંતા હતા. અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજી હિંસક ચિંતાને જોઈને પ્રભાવિત થયા હતા!! ભાવનગરના મહારાજા ભ્રષ્ટ કર્મચારીઓની શિસ્ત વિષયક તપાસ સમયે ચિતાને હાજર રાખતા હતા.જેથી ભયભીત બાબુ સાચું બોલી જતા હતા.” રાજુએ ચિતાનો ઈતિહાસ ઉખેળ્યો.
“ રાજુ એક ધાંસુ અને ઝકકાશ આઈડિયા છે. ભારત સરકાર અને રાજ્ય સરકારો લાંચની બંદી રોકવા અને ભ્રષ્ટાચારને નેસ્તનાબૂદ કરવા વિજિલન્સ કમિશન-વિજિલન્સ કમિશનરને નીમે છે. હવે આ ખાતામાં ચિતાને નીમવાની જરૂર છે. ચિંતાની નિમણૂક કરવાથી બધા પેન્જીંગ કેસોનો ઝડપભેર અને વિના વિલંબે નિકાલ થઇ જશે!!!” મેં વિજિલન્સને અસરકાર કરવા સૂચન કર્યું.
“ હિપ હિપ હુરે” કહી રાજુએ મને વધાવી લીધો!!
ભરત વૈષ્ણવ

# હેલોવીન શું છે?

તે પશ્ચિમી દેશોનો તહેવાર છે. તેનો હેતુ પૂર્વજોની આત્માને શાંતિ મળે તે છે. જો કે, હવે તેની ઈવેન્ટ એકદમ શાનદાર બની ગઈ છે અને આદિવસે પહેરવામાં આવેલા ડ્રેસને કારણે તે ખૂબ જ ચર્ચામાં રહે છે. આ વિશે ઘણી વાર્તાઓ પણ છે.
હેલોવીન ફક્ત ૩૧ ઓક્ટોબરે જ શા માટે છે?
ઓલ સેન્ટ્સ ડે ૧ નવેમ્બર, સેલ્ટિક કેલેન્ડરનો પ્રથમ દિવસ છે. આના એક દિવસ પહેલા સેલ્ટિક કેલેન્ડર મુજબ વર્ષનો છેલ્લો દિવસ છે. તેથી જ તેને ઓલ સેન્ટ્સ ઈવ, ઓલ હેલોવ ઈવ, ઓલ હેલોવ ઈવ અને ઓલ હેલોવીન જેવા નામોથી ઓળખવામાં આવે છે. જેમ નવાવર્ષની પૂર્વસંધ્યાએ ઉજવણી શરૂ થાય છે તેમ હેલોવીન પણ ૩૧મી ઓક્ટોબરની સાંજથી શરૂ થાય છે.
હેલોવીન કેવી રીતે ઉજવવામાં આવે છે?આ દિવસનું મુખ્ય આકર્ષણ



હેલોવીન પોશાક છે. લોકો ડરામણા કપડાં પહેરીને એકબીજાના ઘરે જાય છે અને ભેટ આપે છે. ઘણાશહેરોમાં મોટા કાર્યક્રમો પણ યોજાય છે. આ દિવસે બાળકો પોલા કોળા જેવી થેલીઓ લઈને ઘરે-ઘરે જાય છે. આ કોળા છેલ્લે એકઠાકરીને દફનાવવામાં આવે છે. વેશભૂષા પ્રમાણે લોકો રાક્ષસ, શેતાન, હાડપિંજર, પિશાચ, ભૂત, પિશાચ, ચૂડેલ અને મમીનું રૂપ ધારણ કરેછે.

દક્ષિણ કોરિયાના સૉઉલમાં એક બહુ મોટી દુર્ઘટના બની છે જેમાં ૧૫૦ થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ બધા લોકોહેલ્લોવિનના ફેસ્ટિવલમાં ભાગ લેવા ભેગા થયા હતા. ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે આટલા બધા લોકો રસ્તા પર આવી ગયા કેસૉઉલના મોટા રસ્તાઓ પણ નાના પડ્યા અને લોકો એક સાંકડી ઘલિમાં ભરાઈ ગયા. કેટલાક લોકોએ કચડાઈ ને જીવ ગુમાવો તોકેટલાકને હાર્ટ અટેક આવી ગયો. આ ઘટનાના ઘણા વિડિઓઝ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે જેમાં લોકો અહીં-તહીંદોડતા દેખાઈ રહ્યા છે. આ અકસ્માત બાદ ભારતીય લોકોમાં ઉત્સુકતા જાગી છે કે આખરે હેલોવીન શું છે?
હેલોવીનના દિવસે, લોકો ડરામણા કોસ્ચ્યુમ પહેરે છે અને ડરામણી માસ્ક-મેકઅપ લગાવે છે. આવો તમને જણાવીએ કે આવું શા માટે કરવામાં આવે હેલોવીનની ચર્ચા આજે એટલા માટે થઈ રહી છે કારણ કે દક્ષિણ કોરિયાની રાજધાની સિયોલમાંહેલોવીન પાર્ટી દરમિયાન સેંકડો લોકોના મોત થયા હતા. ઘણા લોકો ઘાયલ અને ગુમ છે. વિદેશોમાં, હેલોવીન ખૂબ જ ધામધૂમથીઉજવવામાં આવે છે. જો કે, ઘણા અજાણ છે કે, હેલોવીન શું છે તો ચાલો જણાવીએ કે હેલોવીન શું છે અને શા માટે તે આટલી લોકપ્રિયછે?
હેલોવીન ૩૧મી ઓક્ટોબરે યોજાય છે. જો કે, લોકો અગાઉથી તેની ઉજવણી કરવાનું શરૂ કરે છે અને વિવિધ પ્રકારની પાર્ટીઓનુંઆયોજન કરવામાં આવે છે. આ પાર્ટીમાં લોકો ડરામણા કપડાં અને મેકઅપ કરે છે. કારણ કે આ દિનને આત્માઓનો દિવસ છે. એટલેકે એવું માનવામાં આવે છે કે આ દિવસે પૂર્વજોની આત્માઓને શાંતિ મળે છે. આ દિવસે પહેરવામાં આવતા કપડાંને હેલોવીન કોસ્ચ્યુમકહેવામાં આવે છે
હૈલોવીન પાર્ટીની શરૂઆત ક્યારથી થ
આજે હૈલોવીન ફેસ્ટિવલ સમગ્ર દુનિયામા મનાવાય છે. જો કે આ ફેસ્ટિવલની શરૂઆત આયરલેન્ડ અને સ્કોટલેન્ડ થી થઈ હતી. તેનોક્રેઝ ધીરે ધીરે અન્ય દેશોમાં પણ વધવા લાગ્યો અને તેની લોકપ્રિયતા વધી ગઈ છે.
હૈલોવીન વિશે શું માન્યતાઓ છે?
હેલોવીન વિશે દરેકની અલગ અલગ માન્યતાઓ હોય છે. ઘણા દેશો માને છે કે આનાથી પૂર્વજોની આત્માઓને શાંતિ મળશે. તો ઘણાલોકો તેને દુષ્ટ આત્માઓને ભગાડવાનો માર્ગ પણ કહે છે.
બિહામણા કપડાં શા માટે પહેરવામાં આવે છે?
આ દિવસે લોકો હેલોવીન કોસ્ચ્યુમ પહેરે છે, એટલે કે, બિહામણા કપડાં અને માસ્ક-મેકઅપ કરે છે.. લળણીની મોસમ દરમિયાન, ખેડૂતો માનતા હતા કે દુષ્ટ આત્માઓ પૃથ્વી પર આવી શકે છે અને તેમના પાકને નુકસાન પહોંચાડી શકે છે. આ જ કારણ હતું કે લોકોહૈલોવીન પાર્ટી કરતા હતા. જો કે, લોકો પાસે આ વિશે પણ જુદી જુદી વાર્તાઓ છે.
ભારતના લોકોમાં હેલોવીન કેટલું લોકપ્રિય છે?
તેનો ક્રેઝ ભારતના યુવાનોમાં જ છે. જો કે, અહીં તેના વિશે કોઈ માન્યતા નથી. લોકો તેને વધુ આનંદ તરીકે ઉજવે છે. લોકો માટે રજાનીઉજવણી કરવાની તે એક સારી રીત બની ગઈ છે. ધીમે ધીમે તેની લોકપ્રિયતા પણ ઘણી વધી રહી છે.

— રેખા શુકલ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

*NOG SS No. : 0141*
★વિષય : "મળ્યાની મોજ"★
★શીર્ષક : "ઋષિ"★
★શબ્દો : ૩૪૮★
★લેખકનું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★



આજે "ઋષિપંચમી"નો તહેવાર છે. વૈદિક સમયનો આ શબ્દ વિશાળ અર્થ ધરાવે છે. "ઋષિ" એટલે મંત્રનો જ્ઞાતા. "મંત્ર" રચનાર.

જેમણે સેવા, ભક્તિ, સત્ય, ધર્મ, તપ, જ્ઞાન અને પરમ તત્વ (ઈશ્વર)નો સાક્ષાત્કાર કર્યો છે અને એનો લાભ, જનહિતાર્થ અર્પણ કર્યો છે તે "ઋષિ". ઋષિના કાર્યો, વાણી, વ્યવહાર સમાજ માટે આદર્શરુપ ગણાય છે. સમાજમાં નીતિમત્તાનું નિર્માણ "ઋષિ" કરે છે.

"મંત્ર" આપે તે ઋષિ! આપણી ભાષાના શબ્દકોશ પ્રમાણે "મંત્ર" એટલે : વિચાર, મંત્રણા, વિચારણા, ઈશ્વરીય આરાધના કરવા માટેની વાણી, ધારી અસર કરનાર મનાતું રહસ્યપૂર્ણ વાક્ય, વૈદિક ઋચા, જાદુઈ બુટ્ટી, જંતરમંતર, જાદુટોણા કરવા માટેના ખાસ શબ્દો વગેરે વગેરે. મારા માટે "મંત્ર" નો ગમતો અર્થ : "ધારી અસર કરનાર મનાતું રહસ્યપૂર્ણ વાક્ય" છે. આવા વાક્યનો એટલે કે "મંત્ર"નો પ્રભાવ પડતો આપ સૌએ અનુભવ્યો હશે. સરસ લયથી માધુર્ય ભર્યો, શાંત ચિત્તે ગવાતો "મંત્ર" અનેરું વાતાવરણ સર્જે છે.

વૈદિક કાળમાં મંત્રોનું પ્રભુત્વ હશે. તમામ કાર્ય, મંત્ર દ્વારા સિદ્ધ થતાં હશે અને તેથી તે યુગમાં જે કોઈ સારા મંત્ર બનાવી શકતું હશે તેને ઋષિનું પદ આપવામાં આવતું હશે. જેમ અત્યારે અવનવી શોધો દ્વારા સાધનો, યંત્રો બનાવી કાર્યો સિદ્ધ કરવામાં આવે છે - બસ એવુજ વૈદિક કાળમાં થતું હશે. આમ "ઋષિ" વિશાળ અર્થમાં આદર્શ વ્યક્તિત્વ, હોદ્દો, પદ તથા જ્ઞાનનો ભંડાર અને અનુસરણીય બુદ્ધિમાન વ્યક્તિ.

"ઋષિ" ખાસ પ્રકારના કાર્યો અને વિશેષ જ્ઞાનના આધારે - રાજર્ષિ, મહર્ષિ, દેવર્ષિ, બ્રહ્મર્ષિ વગેરે વગેરે વિભાગમાં આવરી શકાય. "ઋષિ" ગામ, નગર જેવી નાગરિક વસાહત ને બદલે વન ઉપવનમાં આશ્રમ સ્થાપીને રહેતા હતા. તેઓ સંસારી જીવન જીવતા હતા. ઘણા ઋષિ રાજવંશ સાથે સંકળાયેલા છે. તેઓ રાજા મહારાજા પ્રધાનોને રાજકાજના કામકાજમાં એમના અમૂલ્ય જ્ઞાનનો લાભ આપતા. નીતિ વિષયક બાબતોમાં સલાહ, સૂચન અને માર્ગદર્શન કરતા. ગુરુકુળ સ્થાપીને તેઓ રાજકુમારો, પ્રધાનપુત્રો વગેરેને શાસ્ત્ર, શસ્ત્ર, અસ્ત્ર, રાજકારણ અને લોકોપયોગી વિદ્યા ભણાવતા.

"ઋષિ" ફક્ત વૈદિક કાળમાં જ હતા અને હાલ ક્યાંય નથી! એવું પણ નથી. ગીત, સંગીત, નૃત્ય, ચિત્ર, ગણિત, વિજ્ઞાન, લેખન, કવન, ધર્મ, સત્ય, આધ્યાત્મિકતા કે અન્ય કોઈપણ કળામાં (ક્ષેત્રમાં) નિષ્ણાત, તદ્રુપ થયેલા, ને એમાં ઊંડા ઉતરી, નવું નવું શોધી લાવનાર, સ્વાર્થી ના થતાં સમાજને ચરણે ધરનાર સંત, સાધુ, સેવક, મહાત્મા, લેખક, કવિ, વિદ્વાન, વૈજ્ઞાનિક વગેરે વગેરે આજના સાંપ્રત સમયના "ઋષિ" છે.

એવા જો કોઈ "ઋષિ" આપના ધ્યાનમાં હોય! મળતા હોય અને ક્યાંય મળે તો દિલ ખોલીને "મળ્યાની મોજ" માણજો. બીજાને કહેજો જરૂરથી.......

★?? ★રસિકભાઈ વી પરમાર "રવ" વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)★
★તા. ૨૦/૦૯/૨૩★

## ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ફટાફટ ઓનલાઈન કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું



૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ ગણેશ ચતુર્થી ના માનમાં ઓનલાઈન કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું સમય બપોરે ૩.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી ઓનલાઈન કવિ સંમેલન કાર્યક્રમ ચાલ્યો. મુખ્ય મહેમાન ડૉ ઉષા અગ્રવાલ મધ્યપ્રદેશ થી ઉપસ્થિત રહ્યા હતા , સરસ્વતી વંદના સ્વાતિ ઉષા દાવડા દ્વારા કરવામાં આવી હતી બધાં મહાનુભાવો નું પુષ્પવર્ષાથી સ્વાગત પ્રીતિ પરમાર દ્વારા મહેમાન પરિચય અધ્યક્ષ ડૉ. શૈલેષ વાણીયા શૈલ દ્વારા આપવા માં આવ્યો હતો. કુલ ૨૪ કવિમિત્રો એ પોતાની રચનાઓ પડદા પર મુકી હતી. વોટશોપ ગ્રુપ ૪૨૬ થી ખીચોખીચ ભરેલ હતો ચાલુ કાર્યક્રમમાં સંસ્થા અદયક્ષ દ્વારા ડિજિટલ પ્રમાપત્ર નું વિતરણ કરવામાં આવ્યું .તૈ.કરનાર કિરણ ચોનકર દિવાની કાર્યક્રમના અંતે આભારવિધ ફોરમ આર મહેતા દ્વારા કરવામાં આવી હતી .રચના મુકનાર ગુજરાત, ઉત્તરાખંડ. કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, દિલ્હી, બિહાર, પંજાબ વગેરે રાજ્યોના કવિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રાષ્ટ્રગાન અનિતાબેને રાઠોડ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ભારત માતા ની જય નાદ સાથે છુટા પડ્યા.

# પિરાણા ડમ્પીંગ સાઇટ પર ૯૫ લાખ મેટ્રિક ટન કચરો સાફ, ૩૫ એકર જમીન ખુલ્લી કરાઇ




સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં ગુજરાતે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગ્રીન એનર્જી, આઇ.ટી અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં યુદ્ધના ધોરણે કામ થઇ રહ્યું છે. તેના લીધે અમદાવાદવાસીઓને હવે પિરાણાના કચરાના ડુંગરમાંથી રાહત મળી છે. અત્યાર સુધીમાં કોર્પોરેશન દ્વારા પિરાણા ડમ્પીગ સાઇટ પર ૯૫ લાખ મેટ્રિક ટન કચરો સાફ કરવામાં આવ્યો છે, જેના લીધે ? ૨૨૦૦ કરોડની કિંમતની જમીન ટૂંક સમયમાં ખુલ્લી થઇ જશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯માં પિરાણા-બાયો માઇનિંગ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. માર્ચ મહિનામાં ૩૦૦ ટન પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા ટ્રોમીલ મશીનો સાઇટ પર લાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અત્યારે ૩૦૦ ટીપીડી (ટન્સ પર ડે- ટન્સ પ્રતિ દિવસ)ક્ષમતાના ૬૦ ટ્રોમીલ મશીન, ૧૦૦૦ ટી પીડી કેપેસેટી ના ૧૧ ઓટોમેટેડ સિગ્રિગેશન મશીનો, ૬૩ એક્સ્કેવેટર્સ અને ૨૬૭ હાયવા ટ્રક ઓપરેશનમાં છે. દરરોજ બે શિફ્ટમાં ૨૯ -૩૦ હજાર મેટ્રિક ટન કચરાનું પ્રોસેસિંગ સાઇટ પર કરવામાં આવે છે. પિરાણામાં ૮૫ એકર વિસ્તારમાં કચરાના ડુંગર છે, જ્યાં છેલ્લા ચાર દાયકાથી શહેરનો ૧ કરોડ ૨૫ લાખ મેટ્રિક ટન કરતા વધુ કચરો એકઠો થયો છે. અત્યારે અહી ૮૫ એકર પૈકી ૩૫ એકર જમીનમાંથી કચરો સાફ કરવામાં આવ્યો છે.

★ટ્રોમીલ મશીન કચરાને અલગ પાડે છે★

રોડ ટ્રીટ ટ્રોમીલ મશીન સાઇટ પર કાર્યરત છે. આ મશીનની મદદથી કચરામાંથી માટી, કાપડ, પ્લાસ્ટિક, લોખંડ, લાકડું સહિતની ચીજોનું પૃથક્કરણ કરવામાં આવે છે. આ મશીનની મદદથી કચરાનો ભુક્કો કરીને તેને ખાતર જેવું બનાવી દેવામાં આવે છે.

★કચરામાંથી નીકળતી માટીનો ધોલેરા અને અન્ય પ્રોજેક્ટમાં ઉપયોગ★

પિરાણા ખાતે કચરાના નિકાલમાંથી ૭૦ ટકા માટી નીકળી રહી છે. આ માટીનો ઉપયોગ ધોલેરા પ્રોજેકટ અંતર્ગત બની રહેલા હાઇવેમાં થઇ રહ્યો છે. તે સિવાય સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-૨ અને સાબરમતી ગાંધી આશ્રમની રિડેવલપમેન્ટ કામગીરીમાં પણ પિરાણાથી માટી મોકલવામાં આવી રહીછે. આ માટીની ઉપલબ્ધિ કરાવવાથી કોર્પોરેશનને આવક પણ ઉભી થઇ છે.

★પિરાણાની કામગીરી દેશ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ★

પિરાણા સાઇટની કામગીરીની દેશભરમાં પ્રશંસા થઇ રહી છે. તાજેતરમાં કેરળથી આવેલા પ્રતિનિધિઓએ પણ આ સાઇટની મુલાકાત લીધી હતી. જે ધોરણે કામગીરી થઇ રહી છે, તેનાથી તેઓ પ્રભાવિત થયા હતા. આ પહેલા પણ હૈદરાબાદ, પૂણે, ફરીદાબાદ, કોલકાતા અને કોયંબતૂરથી પ્રતિનિધિ અહીં આવીને કામગીરી જોઇ ચૂક્યા છે.

★બોપલ-ઘુમા ડમ્પ સાઇટ છ મહિનામાં સાફ કરવામાં આવી★

બોપલ-ઘુમા ડમ્પ સાઇટ દસ વર્ષથી અસ્તિત્વમાં હતી જ્યાં ૨.૫ લાખ મેટ્રિક ટન જેટલો કચરો એકઠો થયો હતો. કોર્પોરેશને જુલાઇ ૨૦૨૦માં ૧૦૦૦ ટન પ્રતિ દિવસની પૃથક્કરણ ક્ષમતા ધરાવતા મશીનો સાથે અહી કામગીરી શરૂ કરી હતી. ત્યારબાદ છ મહિનામાં આ સાઇટને સાફ કરીને ૬ એકર જગ્યા ખૂલ્લી કરવામાં આવેલ છે. અત્યારે અહી ઇકોલોજીકલ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

# આ વખતે સુરત મુંબઈના ગણેશોત્વને બરબાર ટક્કર આપશે એમ લાગી રહ્યું છે.

આ વખતે ગુજરાતમા ગણેશોત્વની ધૂમધડાકા સાથે શરૂઆત થઈ છે માત્ર સુરતની જ વાત કરીએ તો આ વખતે સુરતીઓનો ઉત્સાહ અને ઉન્માદ ચરમસીમાએ છે પહેલી વાર સુરતમાં મુંબઈ જેવી રોનક ધામધૂમ દેખાય રહી છે સુરતીઓ આ વખતે શ્રીજીની ભક્તિમા કોઈ કસર બાકી રાખવા માંગતા નથી એક અંદાજ મુજબ સુરતીઓ આ વખતે લગભગ ૭૦૦ કરોડના ખર્ચ કરશે
સુરતમાં આ વખતે અંદાજે ૧૧૦૦૦ નાના મોટા મંડળો શ્રીજીની ભક્તિ કરશે શ્રીજીની દસ દિવસ બરાબર ભક્તિ કરશે.ગયા વરસ કરતા આ વરસે ચાર ગણો ખર્ચ થશે.શહેરમાં નીકળતી શ્રીજીની આગમન યાત્રા તમે જોશો તો તમે નવાઈ પામશો આશ્રયચકિત થઈ જશો રંગબેરંગી ફેન્સી છત્રીઓ હાઈટેક લાઈટિંગ સેટ ફટાકડાની ધનધણાતી તમને જોવા મળશે મંડપ ડેકોરેશન પ્રતિમાની સાજ સજાવટ એકસરખો ડ્રેસ કોડ મહાઆરતી છપ્પન ભોગ પાછળ જબ્બર ખર્ચ થઈ રહ્યો છે હાઈટેક લાઈટિંગવાલા ડી જે અવનવી કૃતિઓની ઝાંખી જોવા મળી રહી છે અલગ અલગ થીમ પણ જોવા મળી રહી છે સુરત તો ઠીક બીજા શહેરો અને બીજા રાજ્યોમાંથી ઢોલ નગારા ત્રાસા વગાડતી ટીમો બોલાવવામાં આવી છે આ વરસે નાના મંડળો પણ પચાસ હજાર થી લાખ રૂપિયા સુધીનો ખર્ચો કરી રહી છે એકસરખા કપડાંથી યાત્રા શોભી ઉઠે છે અલગ અલગ ડ્રેસ કોડ અલગ અલગ



વિશાલ મંડપ અલગ અલગ થીમ લાઈટિંગ પાછળ પણ અધધ ખર્ચ કરાઈ રહ્યો છે
ચઆ વખતે મોદક અને મોતીચુરના લાડુઓની ડિમાન્ડ વધી રહી છે મીઠાઈઓની દુકાનમાં લાઈનો લાગી રહી છે કાશ્મીરી ગુલાબ તો જોવા મળતા નથી ગલગોટા બજારમાં ફુલ તેજીમાં છે ગલગોટા વધેલા ભાવોમા પણ મળતા નથી.
કુલ મળીને આ વખતે ગણેશોત્વ બજારમાં લાખો લોકોને રોજી રોટી મળશે હાથલારીઓ ટેમ્પો ટ્રકો મેટાડોર છત્રીના માલિકો છત્રી ઉંચકીને ચાલનાર ભાઈ બહેનો પેટ્રોલ ડીઝલ પમ્પના માલિકો લાઈટિંગવાલા વાયરમેન ઈલેક્ટ્રીશયન મંડપના માલિકો મંડપ બાંધનાર કારીગરો મંડપના કપડાં વેચનાર લાઈટ પંખા ભાડે આપનાર માળીઓ મંડપડેકોરેશન વાલા શ્રીજીની પ્રતિમા બનાવનાર વેચનાર ખુરશી ટેબલ તેમજ બીજો સામાન ભાડે આપનાર શ્રીજી પ્રતિમાને સાજ શણગાર વેચનાર પ્રસાદ અને પૂજાનો સામાન વેચનાર મોદક અને લાડુ વેચનાર માઈક ડીજે ભાડે આપનાર ઢોલ ત્રાસા ઘંટ વગાડનાર ટીમો ફટાકડા વેચનાર એક સરખા ડ્રેસ કોડનું કાપડ વેચનાર સિલાઈ કરનાર દરજી બુટ ચંપલ વેચનાર ગલગોટા ગુલાબ વેચનાર. મહાઆરતીનો સામાન છપ્પનભોગનો સામાન વેચનાર જેવા અનેક લાખો લોકોને રોજગારી મળી રહી છે લાગે છે વિઘ્નહર્તા બધા વિઘ્ન દુર કરી સુરતના બજારોમાં રોનક પાછી લાવશે સુરતના બજારોમાં લાંબા સમય પછી સળંગ એક મહિનાથી ઉન્માદ છવાયેલો છે.એકસરખા કુર્તા ઈજાર માથા પર રાજાશાહી સાફો મોજડી એક અલગ જ ભાત પાડે છે આ પછી નવરાત્રીના નવ દિવસની રોનક હજુ બાકી છે દશેરા પર કરોડો રૂપિયાના ફાફડા જલેબી સુરતીઓ ખાઈ જશે એ પછી માત્ર સુરતીઓનો જ પોતાનો આગવો તહેવાર ચંદની પડવો આવશે કરોડો રૂપિયાનું ફરસાણ ઘારી દારૂ એક રાતમાં સુરતીઓ ઉજવણી કરશે સુરતની ઘારી હવે સુરત તો ઠીક આખા ભારતમાં અરે વિદેશમાં પણ પ્રખ્યાત બની રહી છે પછી સતત લાભ પાંચમ સુધી તહેવાર જ તહેવાર છે આ વખતનો ગણેશોત્વ લાખો લોકોના ચહેરા પર હાસ્ય મુસ્કુરાહટ પાછી લાવશે એટલું નક્કી છે
બોલો ગણપતિ બાપ્પા મોરિયા
અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# એશિયન ક્રિકેટમાં ભારતનો ફરી ડંકો..!

તખુભાઈ સાંડસુર

રમતો તો ઘણી છે પરંતુ તેમાં ક્રિકેટ એ ખૂબ જ ઉત્સાહ વધૅક અને રોમાંચક એવી રમત છે. તેથી વધુમાં વધુ લોકોને તે આકર્ષિત કરે છે. જો કે ભારતમાં તેની ઘેલછા ગાડંપણમાં ક્યારેક બદલાયેલી દેખાય ! એક જમાનામાં જ્યારે મહત્વની મેચો રમાતી હોય ત્યારે મહાનગરોના રસ્તાઓ સુમસામ દેખાતાં.જો કે તેમાં હવે નવી પેઢીને એટલો ભારેખમ રસ રહ્યોં નથી. તેમ છતાં ઘણાં બધાં લોકો આજે પણ ક્રિકેટના દીવાના છે. તાજેતરમાં એશિયાકપનું આયોજન થયું. ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય હુંસાતુંસીના કારણે આ કપની મેચો શ્રીલંકામાં આયોજિત થઈ.ભારત પાકિસ્તાનને એકબીજાએ તેના આયોજનમાંથી હાથ પાછો ખેંચી લીધો.રમતમાં રાજકારણ એ તેનો નમૂનો ગણી શકાય. ભારત એશિયાકપ સાત વખત જીતી ચૂક્યું છે અને વધુ એક વખત આ તક તેને પ્રાપ્ત થઈ તે ગૌરવપૂર્ણ બાબત છે. પણ તેમાં એક નોંધપાત્ર બાબત એ પણ છે કે ક્રિકેટના ખૂબ પ્રભાવિત દેશોમાં એશિયામાં ત્રણ દેશોની ગણના થઈ શકે. ભારત,પાકિસ્તાન અને શ્રીલંકા બાકીના દેશો રમતમાં જરૂર છે પરંતુ ગણતરીમાં મૂકી શકાય તેવાં નથી. તો પણ ભારત એશિયા કપ લાવ્યું તે વાત પણ ખૂબ આવકારદાયક છે. શ્રીલંકાની પ્રજામાં ઉત્સાહને ઉમંગનું મોજુ હતું.સાત વખત એશિયા કપ જીતેલી ટીમ સામે શ્રીલંકાને ફાઈનલમાં રમવાનું હતું . પોતાના જ દેશમાં પોતાની પરિચિત પ્રજા વચ્ચે જાણીતા ગ્રાઉન્ડ વચ્ચે રમવાનું હોઈ શ્રીલંકન ટીમનું પલડું ભારે લાગતુ.પ્રથમ તબક્કાની ભારત સામેની મેચમાં બીજી બેટિંગને પરિણામે શ્રીલંકા ન જીત્યું અને પહેલી બેટિંગ કરવાના નિર્ધાર સાથે ટીમને મેદાનમાં ઉતારી.ભારતના પીઢ અને અનુભવી ખેલાડી એવાં કોમેન્ટેટર રવિ શાસ્ત્રીએ કહ્યું હતું કે પહેલી ૧૦ઓવર જે ટીમ સરળતાથી રમીજશે એ ઊંચો સ્કોર બેટિંગમાં કરી જશે.બેટીંગ પીચ હોવાનું નિષ્ણાતોનુ માનવું હતું.ટોસ જીતીને શ્રીલંકાએ પહેલી બેટિંગ લીધી.ભારતની આક્રમક બોલીંગને પરિણામે શ્રીલંકા પહેલી ઓવરમાં વિકેટ ખોઈ બેઠું. બુમરાહનાં ભાગે આ વિકેટ આવી અને ત્યારબાદ ભારતના બોલર મહંમદ સિરાજે બીજી ઓવર ફેંકવાની શરૂઆત કરી.અને તેણે એવો તરખાટ મચાવ્યો કે એક ઓવરમાં ચાર વિકેટનો કચ્ચરઘાણ કરી દીધો.ઉત્તમ વિકેટકીપિંગ,શાનદાર ફિલ્ડીગ અને સ્વિંગ બોલની સામે જાણે શ્રીલંકન ક્રિકેટ ટીમ ઘૂંટણીએ પડીને ધરાશાયી થઈ ગઈ.સિરાજના ભાગે ૬ વિકેટ આવી.બાકીનું કામ ૩ વિકેટ ખેરવી હાર્દિક પંડ્યા એ કર્યું.માત્ર ૫૦ રન અને ૧૬ ઓવર પહેલાં જ શ્રીલંકન ટીમ પેવેલિયન ભેગી થઈ ગઈ. રવિ શાસ્ત્રીની કથની ફળી ગઈ. આવો જ ચમત્કાર શ્રીલંકન ટીમ કરી ભારતને જલ્દીથી આઉટ કરી કરશે એવી આશાઓ સેવતા શ્રીલંકન ફેન્સ ઈશ્વરને પ્રાર્થના બેસી રહ્યાં હતાં. પણ ભારતીય બેટધર શુભમન ગીલ અને ઈશન કિશન એ માત્ર ૬ ઓવર પહેલા ૫૧ રન બનાવી ભારતને એશિયા કપની ભેટ આપી.ભારતનો ફરી એકવાર ડંકો વાગી ગયો.

તમામ ટીમ સદસ્યો અભિનંદનપાત્ર ગણાય પણ શ્રીલંન ટીમના મનોબળ પર પ્રહાર કરનાર મહમદ સિરાજ ખરો ભારતીય ક્રિકેટ સ્ટાર છે.ગુજરાતીમા કહેવત છે પહેલો ઘા રાણાનો અને સિરાજે ૬ વિકટ લઈ તેની ટીમની કમર પર ઘા કર્યો.તેને જાજેરા જુહાર...!

# શ્રીમતી જયા બચ્ચન માન. સાંસદે સંસદમાં ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવ્યો

જેના માટે અમે તેણીને નીચે મુજબ પુનઃઉત્પાદિત તેમના ભાષણ માટે સલામ કરીએ છીએ;

‘‘વરિષ્ઠ નાગરિકોને મારી નાખો.

સરકારે તમામ સીનિયરને મારી નાખવું જોઈએ. ૬૫ વર્ષની ઉંમર પછીના નાગરિકો કારણ કે સરકાર આ રાષ્ટ્ર નિર્માતાઓ પર ધ્યાન આપવા તૈયાર નથી.

"શું ભારતમાં સિનિયર સિટિઝન હોવું ગુનો છે?



ભારતના વરિષ્ઠ નાગરિકો ૭૦ વર્ષ પછી તબીબી વીમા માટે પાત્ર નથી, તેમને ઈરૈં પર લોન મળતી નથી. ડ્રાઈવિંગ લાઈસન્સ આપવામાં આવતું નથી. તેમને કોઈ કામ આપવામાં આવતું નથી, તેથી તેઓ જીવન ટકાવી રાખવા માટે અન્ય પર આધાર રાખે છે .તેઓએ નિવૃત્તિની ઉંમર સુધી એટલે કે ૬૦-૬૫ વર્ષ સુધીના તમામ કર, વીમા પ્રિમીયમ ચૂકવ્યા હતા. હવે સિનિયર સિટિઝન બન્યા પછી પણ તેમણે તમામ ટેક્સ ચૂકવવા પડશે. ભારતમાં જનિાગરિકો માટે કોઈ યોજના નથી. રેલ્વે/હવાઈ મુસાફરી પર ૫૦% ડિસ્કાઉન્ટ પણ બંધ કરવામાં આવ્યું છે. ચિત્રની બીજી બાજુ એ છે કે રાજનીતિમાં ધારાસભ્ય, સાંસદ કે મંત્રીને દરેક સંભવિત લાભ આપવામાં આવે છે અને તેમને પેન્શન પણ મળે છે. હું એ સમજવામાં નિષ્ફળ રહ્યો છું કે શા માટે અન્ય તમામ (કેટલાક સરકારી કર્મચારીઓ સિવાય) સમાન સુવિધાઓથી વંચિત છે. વિચારો, જો બાળકો તેમની કાળજી લેતા નથી, તો તેઓ ક્યાં જશે. જો દેશના વડીલો ચૂંટણીમાં સરકારની વિરુદ્ધ જશે તો તેની અસર ચૂંટણીના પરિણામો પર પડશે. સરકારને પરિણામ ભોગવવા પડશે.

જીજિ પાસે સરકાર બદલવાની શક્તિ છે, તેમને અવગણશો નહીં. તેમની પાસે સરકાર બદલવાનો આજીવન અનુભવ છે. તેમને નબળા ન ગણશો! વરિષ્ઠોના લાભ માટે ઘણી બધી યોજનાઓ જરૂરી છે. સરકાર કલ્યાણકારી યોજનાઓ પર ઘણા પૈસા ખર્ચે છે, પરંતુ સીનિયર નાગરિકો વિશે ક્યારેય ખ્યાલ નથી. તેનાથી વિપરિત, બેંકોના વ્યાજદરમાં ઘટાડાથી ઉચ્ચ નાગરિકોની આવક ઘટી રહી છે. જો તેમાંથી કેટલાકને પરિવાર અને સ્વને ટેકો આપવા માટે નજીવું પેન્શન મળી રહ્યું છે, તો તે પણ આવકવેરાને પાત્ર છે. તેથી જનિાગરિકોને કેટલાક લાભો માટે ધ્યાનમાં લેવા જોઈએઃ

(૧). ૬૦ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને પેન્શન મળવું જોઈએ

(૨). દરેકને સ્થિતિ પ્રમાણે પેન્શન મળવું જોઈએ

(૩). રેલ્વે, બસ અને હવાઈ મુસાફરીમાં રાહત.

(૪). છેલ્લા શ્વાસ સુધી તમામ માટે વીમો આવશ્યક હોવો જોઈએ અને પ્રીમિયમ સરકાર દ્વારા ચૂકવવું આવશ્યક છે.

(૫). સિનિયર નાગરિકોના કોર્ટ કેસોને વહેલા નિર્ણય માટે પ્રાથમિકતા આપવી જોઈએ.

(૬). દરેક શહેરમાં તમામ સુવિધાઓ સાથે સીનિયર નાગરિકોના ઘરો

(૭). સરકારે ૧૦-૧૫ વર્ષ જૂની વપરાયેલી કારને સ્ક્રેપ કરવાના નિયમમાં સુધારો કરવો જોઈએ. આ નિયમ માત્ર કોમર્શિયલ વાહનો માટે જ લાગુ થવો જોઈએ. અમારી કાર લોન પર ખરીદવામાં આવે છે અને અમારા ઉપયોગ ૧૦ વર્ષમાં માત્ર ૪૦ થી ૫૦૦૦૦ કિમી છે. અમારી કાર નવી જેટલી સારી છે. જો અમારી કાર સ્ક્રેપ થઈ ગઈ છે, તો અમને નવી કાર આપવી જોઈએ.

હું તમામ સીનિયર નાગરિકો અને યુવાનોને વિનંતી કરું છું કે તે તમામ સોશિયલ મીડિયા પર શેર કરે. ચાલો આશા રાખીએ કે આ સરકાર, જે દરેક સમયે નિષ્ઠાવાન છે અને ★"સબ કા સાથ, સબ કા વિકાસ"★ ની વાત કરે છે તે એવા લોકોના ભલા માટે કંઈક કરશે જેમણે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપ્યું છે અને હવે તેમના મુખ્ય ભાગમાંથી પસાર થઈ ગયા છે.

# ચાણસ્મા નગરપાલીકાના વહીવટી અધિકારીઓને વારેઘડીયે અહેવાલો છપાતાં હોવા છતા ખાડા દેખાતા નથી કે પછી...

ચાણસ્મા શહેરની અંદર આવેલ બસ સ્ટેશન તેમજ મુખ્ય બજારની અંદર મોટા પ્રમાણમા ખાડા પડી ગયેલ હોવાથી વાહનચાલકો તેમજ રાહદારીઓ પારાવાર મુશ્કેલીનો સામનો કરતા હોઈ આ બાબત મીડીયાના ધ્યાને આવતાં અવારનવાર સમાચારપત્રો તેમજ ન્યુઝ ચેનલ દ્વારા સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોવા છતાં પણ નગરપાલીકાના વહીવટી અધીકારીઓના પેટનુ પાણી હલતું ન હોવાનું સ્પષ્ટ દેખાઈ આવી રહ્યુ છે ત્યારે હવે તો એક જ વાત છે કે નગરપાલિકાના વહીવટી અધિકારીઓ મીઠી નીદર માણી રહ્યા હોય તો આ ચાણસ્મા નગરીને ખાડા નગરી તરીકેનુ નામ છપાય તે પહેલા ખાડાઓ રીપેરીગ કરાવો



ચાણસ્મા શહેરની અંદર છેલ્લાં કેટલાય સમયથી બસ સ્ટેશન. મુખ્ય બજાર સહીત અનેક વિસ્તારમા ખાડા પડી ગયેલા હોઈ આ બાબતે સ્થાનિક મીડીયામા પણ અનેક વાર સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે ત્યારે નગરપાલીકા દ્વારા થુંકના સાંધા કરી સરકારી ચોપડે દર્શાવી સરકારી પૈસાનુ વરસાદ નહી પણ નગરપાલીકાનો અણહટ વહીવટ કરતા જે તે ડીપાટમેન્ટ સંભાળતા અધિકારીઓ જ કરે છે તે ખાડા પૂરાવો અભિયાન જ કહી બતાવે છે ત્યારે નોંધવા જેવી બાબત તો એ છે કે જયારે પડેલા ખાડાઓ વિશે નગરપાલીકાના અધિકારીઓનું ધ્યાન દોરવામા આવ્યું ત્યારે તેમણે કેવો જવાબ આપ્યો તે કદાચ તમને પણ ગળે નહી ઉત્તરે ... જણાવ્યું હતું કે ખાડાઓ પુરવામાં તો આવે છે પણ વરસાદના કારણે ખાડાઓ ધોવાઈ જાય છે ... ×લો કર લો બાત ! હજુ તો રસ્તાઓ ધોવાય તેવો વરસાદ પણ થયો નથી ને આવું બ્હાનુ ×સાહેબ ×હવે શુ કહેવું ?? અને કોને કહેવું

ત્યારે હવે જોવાનું રહ્યું કે આ અહેવાલની ચાણસ્મા નગરપાલીકાનો ખાડા પૂરાવો અભિયાન ચલાવતા જે તે ડીપાર્ટમેન્ટ દ્વારા ડાંમરનો ઉપીયોગ કરી લાંબુ આયુષ્ય જાળવી રાખે તેવા પ્રકારના ખાડા પુરે છે કે પછી....

**રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો**

# ડાંગ જિલ્લા ના સમાજ સેવક તરીકે કામ કરતો માનીષભાઇ મારકણા એ ત્રણે તાલુકાના TDO વિરુદ કલેકટરશ્રી ને લેખીતમાં કરી ફરીયાદ



ડાંગઃ આજરોજ ડાંગ જીલ્લામાં R.T.I. માં અધિકારીશ્રી દ્વવારા આઝાદી અમૃત મહોત્સવ નિમિત્તે પ્રધાનમંત્રી મોદીની અમૃત સરોવર યોજના વિષે સાચી માહિતી આપવા તેમજ ખોટી માહિતી આપનાર આધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવા બાબતે મનીષ મારકણા દ્વારા ડાંગના કલેકટરને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.ઉલ્લેખનીય છે કે ડાંગ જીલ્લો સંપૂર્ણ આદિવાસી જીલ્લો છે. અને ડાંગ જિલ્લામાં આદિવાસી સમાજ ભોળો સમાજ છે. ત્યારે અહીના અધિકારીશ્રીઓ આ ભોળાપણનો લાભ લઈ ડાંગ જિલ્લામાં ખુબજ મોટા પાયે ભ્રસ્ટાચાર કરી રહ્યાં છે. જેથી અમો જાગૃત નાગરિક તરીકે અને આપણા માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદી સાહેબનો ડ્રિમ પ્રોજેક્ટ અને આઝાદીના (૭૫) વર્ષ પૂર્ણ થવાથી વડાપ્રધાનશ્રી દ્વારા સમસ્ત ભારતમાં અમૃત સરોવર બનવવા માટેનું આયોજન તેમજ અન્ય સુવિધાઓ કરવામાં આવ્યુ હતું જેની સંમ્પુર્ણ માહિતી સરકારશ્રી ની વેબસાઈટ પર ઓનલાઇન છે. જેમાં ડાંગ જીલ્લા માં (૮૪) તળાવો ની મંજૂરી આપી કમ્પ્લીટ થઈ ગયા છે તેવું ઓનલાઈન વેબસાઈટ પર બતાવે છે જયારે આમો જોયુ તો અમોએ તપાસ કરી પણ આવું કોઈ તળાવો કે અન્ય સુવિધાઓ નથી જેથી અમોએ ડાંગ જીલ્લાના ત્રણેય તાલુકા સુબીર, વઘઇ, આહવા માં ઈૅ કરેલ તેમાં એક સરખા મુદ્દા લખેલ હતા જેમાં અમોને આ પ્રમાણે માહિતી આપેલ અને ઓનલાઇન આહવા તાલુકામાં (૩૪) બતાવેછે અને માહિતી (૧૦) તળાવો ની આપેલ અને પેજ (૩૫) આપેલ છે. અને વઘઈ તાલુકામાં ઓનલાઈન (૨૩) તળાવો બતાવે છે અને માહિતી (૬)તળાવોની આપેલ અને પેજ અંદાજે (૩૦) આપેલ છે. અને સુબીર તાલુકામાં ઓનલાઈન (૧૭) તળાવો બતાવે છે. અને (૨૪) માંથી (૧૧) તળાવોનું કામ કરેલ છે જેમાં પેજ ૮૩૨ જણાવેલ છે. અને બાકીના (૧૩) તળાવોનું કામ અન્ય ખાતા માં થયેલું છે એવુ બતાવે છે. તો સરકારની યોજના એક માહિતી ના મુદ્દા એક અને ડાંગ જીલ્લો એક અને તેના ત્રણ તાલુકા એમાં અમૃત સરોવર ની માહિતી બાબતે અલગ અલગ ભેદભાવ કેમ ? તો શુંઆધિકારીઓને આ યોજનાઓ વિશે કઈ ખબર નથી કે?? અને શુ કામગીરી કરવાની ખબર નથી કે?? અને આ બધું જોતા એવુ લાગે છે આ યોજનામાં ખુબજ મોટા પાયે ભ્રસ્ટાચાર થયો છે. તે સાબિત થતું છે. એકપણ તાલુકાની માહિતી એક બીજા તાલુકા સાથે મેચ નથી થતી તો આપ સાહેબ ને નમ્ર વિનંતી છે કે ડાંગ જીલ્લામાં અધિકારીશ્રી દ્વારા ઈૅ ના નિયમો ભંગ કરી ખોટી માહિતી આપી લોકોને ગેરમાર્ગે દોરી રહિયા હોય તેવું લાગી રહીયુ છે જેથી આપ સાહેબ ને નમ્ર વિનંતી કે આ બાબાત ની ફરિયાદ કરીએ છે. કે આ અમૃત સરોવર ની તપાસ કરી અમોને સાચી માહિતી મળે તેવી આપ સાહેબ ને નમ્ર અરજ છે અને આવી ખોટી માહિતી આપનાર આધિકારી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે એવી અપેક્ષા છે.



## ઈન્દ્ર પ્રસ્થ ૫ માં ગણપતિ ની સ્થાપના કરવામાં આવેલ



ઉપરોક્ત પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન દ્વારા ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના નેજા હેઠળ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી કરવામાં આવ્યું છે.૨૦.૯.૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો જેમાં શ્રી એ.કે. રાયઝાદા (સચિવ, યુપી ચેસ સ્પોર્ટ્સ એસોસિએશન), શ્રી સંજીવ ઠાકુર (સચિવ, હિમાચલ પ્રદેશ રાજ્ય ચેસ એસોસિએશન) ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.તેમજ કર્ણાવતી ક્લબના સેક્રેટરી શ્રી જયેશ મોદી, શ્રી વિરલ પટેલ (ડાયરેક્ટર, કર્ણાવતી ક્લબ) તેમજ શ્રી ભાવેશ પટેલ (ઉપપ્રમુખ, ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન) આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી એ.કે. રાયઝાદાએ શ્રી જયેશ મોદી સાથે ટૂર્નામેન્ટના ટોચના ક્રમાંકિત ખેલાડી સામે પ્રથમ ચાલ રમી અને આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ટુર્નામેન્ટની શરૂઆત કરી.ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ ૨૦.૯.૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે શરૂ થયો હતો.



આજરોજ ગણેશ ચતુર્થી નિમિત્તે ગુજરાતનું એક માત્ર રિદ્ધિ સિદ્ધિ સહિતના ગણપતિ નું પ્રાચીન મંદિર રૂદાતલ, તા. દેત્રોજ સાયં આરતીના દર્શન નો લાભ લીધો.,

# ઈકો-ફ્રેન્ડલી શ્રી ગણેશજીની પ્રતિમાની પુજા અર્ચના સાથે ગણેશોત્સવ મનાવીએ



ઘરમાં ભારતીય ગૌમાતાના ગોબરમાંથી બનાવેલા ગણપતિજીનું સ્થાપન કરી, પૂજન કરી, ગણપતિ ઉત્સવ મનાવીએ. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન તેમજ સ્રઝૈના ફાઉન્ડર ચેરમેન શ્રી ડો. વલ્લભભાઈ કથીરિયા એ ગણેશ ચતુર્થી ની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે ગોમય-ગોબરની ગણેશજીની પ્રતિમાના ઉપયોગથી પર્યાવરણ રક્ષા થશે. પી.ઓ.પી. થી થતુ પ્રદૂષણ અટકશે. ઘરમાં ગોબરના ગણપતિ રાખવાથી હાનિકારક કિરણો અટકાવી શરીરનું રક્ષણ થશે. ચારેબાજુ પવિત્રતા રહેશે. 'ગોમયે વસતે લક્ષ્મી' મુજબ ઘરમાં સમૃદ્ધિ વધશે. ભગવાન શ્રી ગણેશજીના આર્શીવાદ પ્રાપ્ત થશે અને વિના વિઘ્ને સર્વ કાર્ય સંપન્ન વિસર્જીત પ્રતિમાનો જૈવિક ખાતર તરીકે ઉપયોગ થશે. પરોક્ષ રીતે ગૌસેવાનું પુણ્ય પ્રાપ્ત થશે. ગોબરમાંથી ગણેશજીની મૂર્તિ બનાવનાર યુવા મહિલાઓને રોજગારી મળશે. ગૌશાળાઓ સ્વાવલંબી બનશે સ્વદેશી અને આત્મ નિર્ભરતાનો ઉદ્દેશ સિધ્ધ થશે.

ગોબરમાંથી બનેલ પ્રતિમાનો જયારે વિસર્જન કરવામાં આવે ત્યારે ઘરના જ વૃક્ષો, છોડ અને બગીચામાં ખાતર તરીકે ઉપયોગ કરીએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'આત્મ નિર્ભર ભારત અને ×મેઈક ઈન ઈન્ડિયા× અભિયાનને સબળ બનાવવા સમગ્ર દેશની ગૌશાળાઓ તથા યુવા–મહિલા ઉદ્યોગીઓ, મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ, સામાજીક, ધાર્મિક સંસ્થાઓ અને ગૌસેવકોને "ગૌમય ગણેશ અભિયાનમાં" જોડાવા બદલ ડો.કથીરિયા એ અભિનંદન પાઠવાયા છે.

## તા.૨૧ મી એ ડાંગ જિલ્લાના આઠ ગામોમાં યોજાશે 'કળશ યાત્રા'

આજે એટલે કે તા.૨૧મી સપ્ટેમ્બરે ડાંગ જિલ્લાના કુલ આઠ ગામોમાં 'કળશ યાત્રા' ના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર 'મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમના બીજા ચરણમાં આયોજિત 'કળશ યાત્રા' દરમિયાન, આજે એટલે કે તા.૨૧/૦૯/૨૦૨૩ના રોજ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના માલેગામ, ગોટીયામાળ, સોનુનિયા, તથા ગડત ગ્રામ પંચાયત હેઠળના ગામોમા, વઘઇ તાલુકાના નાનાપાડા અને શીવારીમાળ ગામે, તથા સુબીર તાલુકાના ગાવદહાડ, અને કડમાળ ગામે 'કળશ યાત્રા' ના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેમા ગ્રામજનો, આગેવાનો, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારી/કર્મચારીઓ, જાગૃત નાગરીકો વિગેરેને મોટી સંખ્યામાં જોડાવા આયોજકોએ અનુરોધ કર્યો છે.




ખાડિયા દેસાઈ ની પોળ ખાતે અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ના મૈત્રી પાસાવાલા દ્વારા ગણેશ સ્થાપન કરતા પોળ ના લોકો મોટી સંખ્યા મા હાજર રહી ગણેશ આરાધના કરવામા આવી

## અંબાપુર જિલ્લો ગાંધીનગરની દીપ પટેલે કેનેડામાં ગણપતિની ઘર માં સ્થાપના કરી.. દીપ ૨૦ દિવસ પહેલાં જ ભણવા કેનેડા ગઈ છે!!!





સંસ્કાર કોઇ બજાર માં મળતાં નથી, ઘર અને આજુબાજુ રહેતા લોકો પાસે બાળક શીખે છે!! આ શિર્ષક સાર્થક કરતી ઘટના કેનેડા માં બનવા પામી છે ગાંધીનગર જિલ્લાના નાના અલ્પ વસતી ધરાવતા. અંબાપુરના લેઉઆ પટેલ રણછોડભાઈ - શાકભાજી ના જથ્થાબંધ વેપારી અને મધુબેન પટેલ ની પૌત્રી દીપ પટેલ હજી ૨૦ દિવસ પહેલા જ વધુ અભ્યાસ માટે કેનેડા ગઈ છે. ત્યાં તે પોતાના ઘરે ઈકોફ્રેન્ડલી ગણપતિ ૩ દિવસ માટે લાવી છે બંને ટાઈમ પૂજા આરતી કરે છે ગણપતિ ને જમાડવા માટે જાણે અન્નકૂટ ધરાવ્યો હોય આવું લાગે છે. દીપે કેનેડામાં પણ ગણપતિ લાવ્યા ની તસવીર જોઈ પરિવાર ને આશ્ચર્ય માં મુક્યા હતા તેની પાસે ઈંડિયા માં રહેતા પડોશી પાસે જોઈ ધાર્મિક બની હોવાનું દીપ ના દાદી એ જણાવ્યું છે ઉપરોક્ત શીર્ષક સાર્થક કરતી ઘટનાને સલામ- મનહરસિંહ વાઘેલા,ચાંદખેડા- અંબાપુર નજીક



સવંત્સરી દિવસે કોઈને પણ મન, વાચા અને કર્મથી નુકસાન, દુઃખ અથવા અસુવિધા માટે, જાણતા-અજાણતા કારણભૂત બન્યો હોઉં તે માટે નમ્ર હૃદયથી ક્ષમા યાચના કરું છું તેમ ડો.વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું હતું. આપણું હૃદય દ્વેષોથી મુક્ત રહે અને આપણે પ્રેમ, સંવાદિતા અને કરુણા સાથે આગળ વધીએ, ક્ષમાની ભાવના અપનાવીએ અને નવેસરથી સત્કર્મોની શરૂઆત કરીએ. સર્વેને મિચ્છામિ દુક્કડમ.



ડાંગ જિલ્લા આહવા તાલુકા ના લિંગા ગામ ખાતે 'મેરી માટી-મેરા દેશ' અંતર્ગત 'કળશ યાત્રા' યોજાઈ'મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમના બીજા ચરણમાં ડાંગ જિલ્લાની ગ્રામ પંચાયતોમા 'કળશ યાત્રા' નું આયોજન કરવામા આવી રહ્યુ છે. જેમા તા.૧૮/૦૯/૨૦૨૩ ના રોજ લિંગા ગ્રામ પંચાયતમા 'કળશ યાત્રા' યોજાઈ હતી.આ કાર્યક્રમ અંતર્ગત લિંગા ગ્રામ પંચાયતના ગામડાઓના વિવિધ ઘરોમાંથી માટી એકત્ર કરવામા આવી હતી. તેમજ લોકોમા 'મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમની જાગૃતિના ભાગરૂપે રેલી આયોજિત કરવામા આવી હતી. આ કાર્યક્રમમા માજી સરપંચ શ્રી. સૂર્યવંશી સુમનભાઈ ફુલસિંગભાઈ, ઉપ સરપંચ શ્રી રેખાબેન અંબાદાસભાઈ દળવી, પ્રા.શાળાના મુખ્ય શિક્ષક શ્રી મહેન્દ્રભાઈ પટેલ, તલાટી કમ મંત્રી શ્રીમતી રેખાબેન, આરોગ્ય વિભાગના સ્ટાફ, તેમજ ગ્રામ પંચાયતના અને ગામના તમામ આગેવાનો મોટી સંખ્યામા જોડાયા હતા.

# અમેરીકા-કેલિફોર્નિયાના હવાઈન ગાર્ડન સીટીના ગાયત્રી પરીવાર દ્વારા અધિક શ્રાવણ તથા નીજ શ્રાવણમાં ભક્તિભાવ પૂર્વક ઉજવણી.....તથા કૃષ્ણજન્મોત્સવ ની ઉજવણી.....



ગાયત્રી પરીવાર , હવાઈન ગાર્ડન કેલિફોર્નિયા દ્વારા અધિક શ્રાવણ માસ તથા નીજ શ્રાવણ માસનાં દરેક સોમવાર તથા શ્રાવણ માસની અમાસનાં દિવસે અતિ ભકિતભાવ પૂર્વક મહારૂદ્રાભિષેક સંપન્ન થયો. આ પ્રસંગેનાં અંર્તગત પ્રત્યેક સોમવારે સવારે તથા સાંજે મંદિરના મહારાજ શ્રી સુનિલભાઈ ત્રિવેદીએ વિધીવિધાન યુકત મહારૂદ્રાભિષેક કરાવ્યો હતો. આ પ્રસંગે દરેક સોમવારે સવારે લગભગ ૩૦૦ જેટલા શિવભકતો એ લાભ લીધો હતો અને મંદિર મહામૃત્યુંજય અને શિવનામનાં જાપથી ગુંજી ઉઠયું હતું. ભકતોએ શિવલીંગ પર દુધ,કાળા તલ અને બિલીપત્ર સહિત પૂંજાસામગ્રી ચઢાવી શિવપૂંજા સંપન્ન કરી હતી. પૂજા પછી મહાપ્રસાદ પણ રાખવામાં આવ્યો હતો.

આજ રીતે ગાયત્રી મંદિર દ્વારા જન્માષ્ટનીની ઉજવણી પણ અતિ ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. શ્રી સિધ્ધાર્થભાઈ પાઠકનાં મધુર સ્વરે કૃષ્ણભજન માં ભક્તો રસબોળ થઈ ગયા હતા તેમજ ભાવિક ભક્તોએ કૃષ્ણજન્મની વધામણીમાં રાસનો પણ આનંદ માણયો હતો. ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે અંદાજે ૨૫૦ ભકતો જોડાઈને ધન્યતાની અનુંભૂતિ પામ્યા હતા. સ્વયંમસેવકો દ્વારા બાલગોપાળને ટોપલામાં બિરાજમાન કરીને ગૃહમાં લાવવામાં આવ્યા હતા, જેથી મૂળ કૃષ્ણજન્મનું નિરૂપણ કર્યુ હતું. તમામ ભક્તોએ પૂષ્પવર્ષા સાથે " હાથીઘોડા પાલખી....જય કનૈયાલાલકી ના નાદ સાથે લાલજીને હિંડોળામાં સ્થાન ગ્રહણ કરાવીને ઝૂલે ઝૂલાવવાનો લાભ લીધો હતો....

આ બંને પ્રસંગોનાં સુંદર આયોજન બદલ સર્વે કાર્યકર્તાઓને અંતરથી ધન્યવાદ.

( માહિતી અને તસ્વિર સંયોજક : કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ગોંડલ વિહિર ગામની ૨૭ વર્ષીય પરિણીતાને કોઈક અજાણ્યા ઈસમ દ્વારા ગળેટૂંપો આપી હત્યા કરતા ચકચાર

પ્રાપ્ત વિગત અનુસાર આહવા પોલીસે ઘટના સ્થળે ધસી જઇ આરોપીને ઝબ્બે કરવા તપાસ હાથ ધરી છે. ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં સમાવિષ્ટ ગોંડલવિહીર ગામની રહેવાસી અન્તીબેન અરવિંદભાઈ પવારની કોઈક અજાણ્યા ઈસમ દ્વારા ગળામાં લાઈટનાં પીળા વાયર વડે ટૂપો દઈ હત્યા કરતા ચકચાર મચી ગઇ હતી.આ બનાવની જાણ આહવા પોલીસની ટીમને થતા ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસની ટીમે લાશનો કબ્જો મેળવી પીએમ અર્થે આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં આહવા પોલીસની ટીમે હત્યા અંગેનો ગુનો નોંધી હત્યા કોણે કરી છે જે અજાણ્યા હત્યારાની શોધખોળ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, હત્યારો પોલીસ પકડથી હજી પણ દૂર હોવાનું જાણવા મળ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.